## સંક્ષિપ્ત સમાચાર

### પાદરાના આમળા ગામે થી મહાકાય મગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું



**પાદરા :** પાદરા ના આમળા ગામે ગત રાત્રે રહેણાક વિસ્તારમાં એક મહાકાય મગર આવી જતા લોકોમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો જો કે સમગ્ર ઘટનાની જાણ પાદરા વન વિભાગ અને પ્રાણી જીવ રક્ષક સંસ્થાને કરવામાં આવતા પ્રાણી જીવ રક્ષક સંસ્થા અને વન વિભાગની ટીમો ઘટના સ્થળે પહોંચી મગરનું સહી સલામત રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું ઉલ્લેખનીય છે કે પાદરામાં વરસેલા ધોધમાર વરસાદ બાદ બે દિવસમાં અંદાજિત 15 થી 20 જેટલા ઝેરી અને બિન ઝેરી સાપો પણ પ્રાણી જીવ રક્ષક સંસ્થા અને વન વિભાગની ટીમ રેસ્ક્યુ કરી વન વિભાગને સોપવામાં આવ્યા છે.

### સાધી ગામે જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા ધોરણ-૬ માટે ઓનલાઈન અરજી પ્રક્રિયાનો પ્રારંભ

**પાદરા :** ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા સંચાલિત પી.એમ. સ્કૂલ જવાહર નવોદય વિદ્યાલય, સાધી, તા.પાદરા માં ધોરણ - ૬ માં પ્રવેશ લેવા માટે વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા પ્રારંભ થઈ ગયેલ છે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૬/૦૯/૨૦૨૪ છે. આ વર્ષે ધોરણ - ૫ માં અભ્યાસ કરતાં હોય એવા વિદ્યાર્થી અરજી કરવા પાત્ર છે. ઓનલાઈન અરજીપત્ર વિના મૂલ્યે www.navodaya.gov.in વેબ સાઈટ પરથી ભરી શકાશે. વધુ માહિતી માટે પીએમ સ્કૂલ જવાહર નવોદય વિદ્યાલય, સાધી તા.પાદરા (વડોદરા) પરથી મેળવી શકાશે.

### છોટાઉદેપુર જિલ્લામાં આગામી માસમાં નારી વંદન સપ્તાહની ઉજવણી કરાશે



**છોટાઉદેપુર :** રાજ્ય સરકાર દ્વારા મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સશક્ત અને સંપન્ન બની સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે વિવિધ આયોજન હાથ ધરવામાં આવે છે. મહિલાઓના સર્વાંગી વિકાસના મહત્વના પરિબળો જેવા કે સુરક્ષા, સ્વાવલંબન, કલ્યાણ અને સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રોમાં મહિલાઓ સક્ષમ થાય તે હેતુથી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આગામી તા.૦૧/૦૮/૨૦૨૪ થી તા.૦૮/૦૮/૨૦૨૪ દરમિયાન "નારી વંદન" સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે. આ કાર્યક્રમના સુચારુ આયોજન અર્થે જિલ્લા કલેકટર અનિલ ધામેલીયાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

### કુકરદાથી વડોદરા જતી એસટી બસ બંધ થતા વિદ્યાર્થીઓ અને નોકરિયાતોને મુશ્કેલી

**નસવાડી :** નસવાડી તાલુકો આદિવાસી વસ્તી ધરાવતો તાલુકો છે નસવાડી તાલુકામાં ઉચ્ચ શિક્ષણ માટે કોલેજો ના હોવાથી અભ્યાસ કરવા નસવાડીના યુવાનો વડોદરા તેમજ ડભોઇ ખાતે જાય છે તેમજ નસવાડીમાંથી કેટલાક મધ્યમવર્ગના લોકો અલગ અલગ સંસ્થાઓમાં વડોદરા ખાતે નોકરી કરે છે જયારે નસવાડી તાલુકામાંથી બાળકો અને નોકરિયાત લોકો કુકરદા થી વડોદરા જતી એસ.ટી બસમાં મુસાફરી કરતા હતા જે એસ.ટી બસ સવારે કુકરદા થી ઉપાડતી હતી અને તણખલા નસવાડી તિલકવાડા ડભોઇ સ્ટોપ થઇ મુસાફરોને લઈ વડોદરા સવારે 10 વાગે પહોંચાડતી હતી જેને લઇ આદિવાસી બાળકો 11 વાગ્યે કોલેજ અને આઈ.ટી.આઈ સહીત જગ્યાઓ ઉપર સમયસર પહોંચી જતા હતા જયારે નોકરિયાત પણ સમયસર નોકરી ઉપર પહોંચી જતા હતા. નસવાડી થી વડોદરા પોહચવા ગણી મુશ્કેલીનો સામાન કરવાનો વારો આવ્યો છે હાલ બાળકો નર્મદા જિલ્લાના દેવલીયા ખાનગી વાહનમાં જાય છે અને ત્યાં થી બસ પકડી ડભોઇ પોહ્ચે છે ત્યાર બાદ વડોદરા પોહ્ચે છે આમ બાળકો અને નોકરિયાત અલગ અલગ વાહનો બદલી વડોદરા જવા મજબૂર બન્યા છે

### ડભોઈ સરીતા બ્રિજના સળીયા બહાર આવતા વાહનચાલકોને અકસ્માતનો ભય



**ડભોઇ :** ડભોઈ સરીતા ફાટકે ૨૫ કરોડ ના ખર્ચે બનેલ બ્રીજ ફરી એકવાર ચર્ચા ના એરણે આવતા વાહનચાલકો મા ડર નો માહોલ જોવા મળ્યો છે આધાર ભુત સુત્રો માંથી મળેલ માહિતી મુજબ સરકારે પ્રજા ને ટ્રાફિક માથી બચાવવા ૨૫ કરોડ ના ખર્ચે સરીતા ફાટક પર બ્રીજ બનાવવામા આવેલ જે થોડા દિવસ પૂર્વે દશ દિવસ માટે બંધ કરી મરામત કરવા મા આવી હતી તાજેતર મા ડભોઈ મા નજીવા વરસાદે આર .સી.સી. ના સળીયા બહાર આવી જતા વાહનચાલકો મા ફફડાટ જોવા મળી રહયો છે

## લોકમાતા ઓરસંગમાં પાણીની આવક થતા પાણીની સમસ્યામાં મોટી રાહત થતા પ્રજામાં આનંદ

# ઉપરવાસમાં વરસાદી પાણીની આવકથી ઓરસંગ બે કાંઠે

**સિઝન** દરમ્યાન પુનઃ નવા નીર આવતા જિલ્લાની પ્રજામાં ભારે આનંદ ફેલાયો હતો

**ચોમાસાની** સીઝન દરમિયાન બે વખત નવા નીર આવ્યા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર,તા,26

છોટાઉદેપુર પંથકની જીવાદોરી ગણાતી ઓરસંગ નદી ઉપરવાસ મધ્યપ્રદેશમાં ભારે વરસાદને કારણે બે કાંઠે વહેતી થઈ હતી. કોરી ધાકડ થઈ પડેલી ઓરસંગ નદીમાં બે કાંઠે ખળખળ પાણી વહેતા પુનઃ અહલાદક દ્રશ્યો સર્જાયા હતા. નદીમાં આવેલ પાણી જોવા ભારે ભીડ ઉમટી પડી હતી. અને નવા નીર આવતા એપ્રિલ મહિનાથી છોટાઉદેપુર નગર તથા જિલ્લાની આસપાસના કિનારાના ગામોમાં પાણીની સમસ્યામાં રાહત થઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે મધ્યપ્રદેશના ભભરાના જંગલોમાંથી નીકળતી ઓરસંગ નદી ગુજરાતમાં થઈ છોટાઉદેપુર જિલ્લામાંથી પસાર થઈ ચાણોદ ત્રિવેણી સંગમ ખાતે નર્મદામાં મળી જાય છે. કુંવારી ગણાતી ઓરસંગ નદીમાં મધ્યપ્રદેશમાં ભારે વરસાદને કારણે બે કાંઠે પાણી આવ્યા હતા.

સિઝન દરમ્યાન પુનઃ નવા નીર આવતા જિલ્લાની પ્રજામાં ભારે આનંદ ફેલાયો હતો. જેની સાથે છોટાઉદેપુર નગરની 35 હજારની વસ્તીને પાણી પૂરું પાડતા નગરપાલિકાના વોટર વર્કસમાં ઉનાળામાં પાણીના સ્તર નીચા જતા પાણીની અછત સર્જાઈ હતી. જે સમસ્યામાંથી હાલ પૂરતો પ્રજાને છુટકારો મળ્યો છે. અને પાણીની ભારે અછત ને કારણે ટળવળતી પ્રજાને રાહત થઈ હતી.



### નવા નીર આવતા પાણીને ઉકાળીને પીવાની તંત્રની સલાહ

સમગ્ર સીઝન દરમિયાન ઉપરવાસમાં વરસાદને કારણે પાણીની આવક નદીમાં ચાલુ રહેતી હોય છે પરંતુ વધુ વરસાદ થતાં વધુ પાણી આવતા પ્રજાને ડોહળું પાણી પીવાનો વારો આવે છે રેતી ખનન થઈ જતા ચોખ્ખું પાણી રેતીમાં ગળાઈને વોટર વર્ક્સમાં માં ઉતરી શકતું નથી જેના કારણે દોહળું પાણી પ્રજાને મળે છે હાલમાં ઓરસંગમાં નવા નીર આવ્યા હોય જેથી પાણી દોહળું આવવાની સમસ્યા હોય જેથી પાણી ગાળી તથા ઉકાળીને પીવા નગરની પ્રજાને અપીલ કરવામાં આવે છે.

-ચીફ ઓફિસર ભવિનભાઈ બરજોડ

### ખેતીલાયક પાણીની આવક થતા ખેડૂતોમાં આનંદ

મધ્યપ્રદેશના ભભરામાંથી નીકળતી ઓરસંગ નદીમાં મધ્યપ્રદેશ તથા ગુજરાતમાં કેટલાક કોતરોના પાણી એકત્રિત થતા હોય છે. અને એ ઓરસંગ નદી કરનાળી ખાતે આવેલ યાત્રાધામ ચાણોદ ખાતે ત્રિવેણી સંગમમાં મળી જાય છે. જે ત્રિવેણી સંગમ ખાતે વર્ષોથી શ્રદ્ધાળુઓ ધાર્મિક વિધિ અને સ્નાનનો લાભ લે છે તથા ત્રિવેણી સંગમ ના દર્શન કરી યાત્રાળુઓ ધન્યતા અનુભવે છે છોટાઉદેપુર પંથકની જીવાદોરી ગણાતી ઓરસંગ નદીમા ઉપરવાસ મધ્યપ્રદેશમાં વરસાદ થતાં પાણીની આવક શરૂ થઈ લોકમાતા ઓરસંગમાં પાણીની આવક થતા પાણીની સમસ્યામાં મોટી રાહત થતા પ્રજામાં આનંદની લાગણી વ્યાપી ગઇ છે.

## અંધેર વહીવટથી સરકારી તિજોરીને લાખોનુ નુકસાન

# તણખલા ગામે 100થી વધુ વેપારીઓ GST નંબર વગર ધંધો કરે છે

(પ્રતિનિધિ) નસવાડી,તા,26

નસવાડી તાલુકામાં બીજા નંબરનું વેપારનું વડું મથક તણખલા ગામ છે અને 100 થી વધુ નાના મોટા વેપારીઓ ચાર ગામોમાં આવેલા છે જયારે સરકાર દ્વારા વેપાર ધંધો કરનારને વ્યવસાય વેરાનો નંબર ગ્રામ પંચાયત કચેરી પાસે મેળવવનો હોય છે

અને દર વર્ષ વ્યવસાય વેરો ભરવાનો હોય છે પરંતુ સાંકળ ત ગ્રામ પંચાયતના સત્તાધીશો વર્ષોથી વેપારીઓને વ્યવસાય વેરા વિશે સમજ આપી નથી અને કેટલાક વેપારીઓને વેરાના નંબરો પણ આપ્યા નથી અને ગ્રામ પંચાયતએ વ્યવસાય વેરો વસુલો પણ નથી જેને લઈ સરકારી તિજોરીને ભારે નુકશાન થયું છે આટલી મોટી ગ્રામ પંચાયત વ્યવસાય વેરોના નંબરો ના આપતા અને તણખલા ગામના મોટા મોટા વેપારીઓ પાસે વેરો ના વસુલતા જેની જાણ તાલુકા વિકાસ અધિકારીને થતા તાલુકા વિકાસ અધિકારી પણ ચોકી ઉઠ્યા હતા.

જો વ્યવસાય વેરો આટલા વર્ષો થી વસુલ્યો હોત તો ગ્રામ પંચાયતને પણ મોટો ફાયદો થાત જયારે મોટા ભાગના વેપારીઓ પણ વ્યવસાય વેરો ના ભરવો પડે તેમ માટે વ્યવસાય વેરાના નંબર માટે અરજી પણ કરી નથી હાલમાં ગ્રામ પંચાયતનું સાશન ચલાવતા સત્તાવાળાઓએ વેપારીઓને વ્યવસાય વેરો ભરવા વારંવાર સૂચનાઓ આપી છે પરંતુ વેપારીઓ વ્યવસાય વેરો અને કેટલાક ગ્રામજનો ઘર વેરો ભરતા નથી જેને લઈ સરપંચ અને તલાટીએ આગામી દિવસોમાં કડક વલણ અપનાવી કાયદેસરની કાર્યવાહી કરવાનું મન બનાવ્યું છે

### વડુ પોલીસે અંધારીપુરા પાસેથી ૮ જુગારી ઝડપ્યા

(પ્રતિનિધિ) પાદરા,તા,26

પાદરા પોલિસે ટોચીયા ઓઉરા જવાના રસ્તે ખુલ્લી જગ્યામાં તેમજ વડુ પોલીસે અંધારી પુરા પાસેથી ૮ જુગારીઓ ને ઝડપી પાડી જુગાર ધારા કલમ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી હતી પોલીસે રેડ દરમ્યાન રૂ.૧૩૦૨૦ રોકડ કબજે કરી હતી. જેને લઈ જુગારીઓ માં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. પાદરા પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન મળેલ બાતમી આધારે પરનામી અગરબત્તી ની પાછળ ના રસ્તે આવેલ ખુલ્લી જગ્યા માં જમીન દાવ પરના ૮૦૦/- અંગજડતી ના ૧૮૦૦/- મળી કુલ ૨૬૦૦/- ના મુદ્દા માલ સાથે ૪ ઈસમો ને ઝડપી પાડ્યા હતા.પાદરા જંબુસર રોડ પર વડુ સીમ વિસ્તાર અંધારી પુરા પાસે બંધ હાલત ના ઈન્ડિયન પેટ્રોલ પંપ ની ઓફીસ ના પાછળ ના ભાગે રેડ પાડી અંગ જડતી ના ૬૪૦/- દાવ પરના ૩૬૮૦/- મળી કુલ ૧૦૪૨૦/- નો મુદ્દા માલ સાથે જુગાર રમતા ઝડપી પડ્યા હતા.

## નસવાડી જૂથ ગ્રામ પંચાયતની ગ્રામસભામાં હોબાળો મચ્યો

# સભામાં ગામલોકો દ્વારા ગટર અને પીવાના પાણીના મુદ્દે ઉગ્ર રજૂઆત

**વોટર** વર્ક્સના બોરની પાણીની મોટર ઉડી જતા અડધા ગામમાં પાણી માટે ભર ચોમાસે હવાતિયાં

**સભામાં** માત્ર 10થી 15 માનીતા લોકોને બોલાવી સભા આટોપી લેવાતા રોષ ભભૂક્યો

(પ્રતિનિધિ) નસવાડી,તા,26

નસવાડી જૂથ ગ્રામ પંચાયતની ગ્રામસભા શુક્રવારના રોજ ગ્રામ પંચાયત હોલમાં યોજવામાં આવી જેમાં ગ્રામજનોએ ગટર અને પાણીની સમસ્યાને લઈ આક્રમકઃ રજૂઆતો કરવામાં આવી જયારે કર્મચારીઓની ભરતી અને પગાર વધારવા માટે પણ માંગ કરાઈ હતી જયારે ગ્રામસભા યોજતા પેહલા સરકારના નિયમો અનુસાર મોટી ગ્રામ પંચાયતોમાં લાઉડ સ્પીકર સિસ્ટમ થી ગામમાં પ્રચાર પસાર કરી ગ્રામસભાની વિસ્તાર વાઈઝ જાણ કરવાની હોય છે જયારે જાહેર ચોરા ઉપર નોટિસ લગાડવાની હોય છે જયારે તલાટી અને વહીવટદાર આવી કામગીરી કરી ના હતી ફક્ત માનીતા 10 થી 15 લોકોને બોલાવી ગ્રામસભા પતાવી દીધી હતી.જયારે 10 હજાર વસ્તી ધરાવતા ગામમાંથી ફક્ત માનીતા લોકોને ગ્રામજસભા બોલાવતા અનેક પ્રશ્નો ગ્રામસભા યોજવા સામે ઉઠ્યા છે નસવાડી ગામના વેપારી વર્ગ માજી સરપંચો માજી સદસ્યો ગામના આગેવાનો સહીત લોકોને ગ્રામસભાની જાણકારી જ ના હતી જયારે ગ્રામસભામાં પોહ્ચેલા થોડા ઘણા લોકોએ પાણી અને ગટરની સમસ્યા વિષે રજુઆત કરી હતી.

જયારે નસવાડી ગામના સ્ટેશન વિસ્તાર,પોલીસસ્ટેશન વિસ્તાર,હાઈસ્કૂલ વિસ્તાર,જૂની પોસ્ટઓફિસ વિસ્તાર આમ 6 અલગ અલગ વોટર વર્કસનો બોરની મોટર ઉડી જતા અર્ધા ગામમાં પાણી માટે લોકોને વલખા મારવાના વારા આવ્યા હતા હાલ તો ઓફિસોમાં ખુશીઓ ગોઠવી લોકોને બોલાવી ફોટા સેશન કરી ગ્રામસભા પતાવી દેવાતા આવા વહીવટને લઈ લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે ફરી નવી ગ્રામસભા યોજાઈ તેવી લોકો માંગ કરી રહ્યા છે.

## ડભોઈના ભીમપુરામા ખાણખનીજ વિભાગનો દરોડો

# ગેરકાયદે રેતી ખનન ઝડપાયુ, ૮૦ લાખનો મુદામાલ જપ્ત કરાયો

**ઓરસંગ** નદીના પટમાં ભૂમાફિયાઓ બેફામ બન્યા

(પ્રતિનિધિ) ડભોઈ ,તા,26

ડભોઈ તાલુકાના કરણેટ રેતીનુ હબ બનવા પામ્યુ છે જયા કાયદેસર કરતા ગેરકાયદેસર રેતી નુ ખનન મોટા પાયે થાય છે કરણેટ ની ઓરસંગ ની સફેદ રેતી સોનાના ભાવે વેચાય છે જેને લઈને બહુમાળી બિલ્ડીંગ મા ઓરસંગની સફેદ રેતી ની માંગ જોવા મળે છે.

જેને લઈ ને મોટા શહેરો મા ઓરસંગ ની સફેદ રેતી ની માંગ



હોવાને લઈ ખાણખનીજ વિભાગ ધ્વારા ચોમાસા દરમિયાન રેતી ખનન પર રોક લગાવી હોવા છતાંય ભૂમાફીયાઓ કાયદાને નેવે મુકી ઓરસંગ મૈયા મા બેફામ રેતી ખનન કરી રહયા છે આજે ખાણખનીજ ના અધિકારી ઓ કરણેટ ભીમપુરા ચીલા મા ગેરકાયદે રેતી ખનન ની જગ્યાએ દરોડા પાડી પાંચ હાઈવા ટ્રક અને એક જે.સી. બી. મળી ૮૦ લાખ ના મુદામાલ ઝડપી કાર્યવાહી થતા ઓરસંગ પટમા સન્નાટો છવાઈ ગયો હતો હવે જોવુ રહયુ કે ખાણખનીજ વિભાગ કેટલો દંડ ફટકારે છે જેના પર સૌની નજર છે.

### મોટા ફોફળિયામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આયુષ્યમાન કાર્ડ અંતર્ગત તબીબી સેવાઓ બંધ કરાતા ઉચ્ચકક્ષાએ રજૂઆત



**શિનોર :** શિનોર તાલુકાના મોટા ફોફળિયા ખાતે આવેલ લોક ભાગીદારીથી સંચાલિત શ્રી સી.એ.પટેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી યોજના અંતર્ગત આપવામાં આવતી તબીબી સેવાઓના ગવર્મેન્ટ રીઝર્વ પેકેજ બંધ કરી દેતા શિનોર અને તેની આસપાસના જરૂરિયાતમંદ દર્દીઓ આ યોજનાના લાભથી વંચિત રહેતા દર્દીઓ પરેશાન થઈ રહ્યા છે સામૂહિક આરોગ્ય કેન્દ્રના સંચાલકોએ આ અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી હોવા છતાં હજુ સુધી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ગવર્મેન્ટ રીઝર્વ પેકેજ શરૂ નહીં થતા ગ્રામ્ય પંથકના લોકોમાં ભારે રોષ જોવા મળેલો છે.

## પ્રતિમાને ફરતે તૂટેલી રેલિંગને નવી નાખવા તંત્ર ક્યારે તસદી લેશે ?

# છોટાઉદેપુરની ગાંધી પ્રતિમાની ઉપર છત્ર મૂકવા માંગ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર,તા,26

છોટાઉદેપુર નગરમાં મુખ્ય બજાર આવેલું છે ત્યાં સરદાર પટેલ ગાર્ડન ની સામે દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમા મૂકવામાં આવેલી છે તે સર્કલની ફરતે સ્ટીલ ની રેલિંગ લગાવવામાં આવી હતી જે તૂટી ગઈ હતી આ રેલીંગ કોણે તોડી અને તેની માટે જવાબદાર કોણ? તે બાબતે પણ કોઈ કાર્યવાહી થઈ નથી. તંત્ર દ્વારા આ તૂટેલી રેલિંગ કાઢી લેવામાં આવી હતી



જે વાતને આજે 1 મહિના જેટલો સમય થયો છતાં તંત્ર પાસે પણ આ રેલિગ નવી લગાડવાનો સમય નથી તેમ લાગી રહ્યું છે. સાથે સાથે આ રેલિંગ કોણે તોડી તેની પણ તપાસ કરવી જોઈએ કઈ રીતના તૂટી તે પણ તપાસ થવી જોઈએ તેવી પ્રજાની માંગ ઉઠી છે

જ્યારે ગાંધીજીની પ્રતિમા ઉપર આકરો તાપ હોય કે વરસાદ હોય જેના કારણે છત્ર મુકવામાં આવે તેવી પ્રજાની માંગ ઉઠી છે. જ્યારે 2 જી ઓક્ટોબર ગાંધી જયંતી હોય ત્યારેજ પ્રતિમા ની કાળજી લેવી એવું ન હોય કાયમી પ્રતિમા નું ધ્યાન રાખવું આવશ્યક હોય છે

## તત્કાલિન પ્રમુખ અને ચીફ ઓફિસરને ગાંધીનગરનુ તેડું

# ડભોઈમાં પંપીગ સ્ટેશનની ગટરની ચેમ્બર બનાવવાની કામગીરીમાં ગેરરીતિ

(પ્રતિનિધિ) ડભોઈ,તા,26

ડભોઈ નગરપાલીકાના ચીફ ઓફિસર તેમજ તાત્કાલીન પ્રમુખ કાજલબેન દુલાણીને ગાંધીનગરથી તેડુ આવતા ચર્ચાનો વિષય બન્યો છે. જેમાં પંપીગ સ્ટેશનનુ ગટરનુ ચેમ્બર બનાવવા કોઈ પણ જાતની જાહેરાત કે તાંત્રીક મંજુરી વિના એસ. કે. મકવાણા ને ૫૫ ટકા વધુથી કામગીરી કરવાનો ઠરાવ કરી કામગીરી કરવામા આવી. જેમા ૯ ,૨૯ ,૬૭૪ /- નુ બિલ ૧૪માં નાણા પંચની ગ્રાંટમાથી ચુકવવામા આવેલ છે આમ ડભોઈ નગરપાલિકા ધ્વારા ગુજરાત નગરપાલિકા અધિનિયમન ૧૯૬૩ ની કલમ ૬-૭ (૧) અન્વયે ૫૦૦૦/- વધુનુ બિલ હોય તો વર્તમાન પત્રમા જાહેરાત આપી. ટેન્ડર મંગાવી નોટીસ પ્રસિધ્ધ કરવાની હોય જે પ્રકીયા ડભોઈ નગરપાલિકાએ કરેલ નથી ડભોઈ નગરપાલિકા ધ્વારા ૧૪માં નાણાપંચની જોગવાઈ વિરુધ્ધ ગેરકાયદેસર કાર્યવાહી કરેલ હોવાનુ માનવામા આવે છે.